# Telephone Conversation between PM and President of Republic of Korea

April 09, 2020

## વડાપ્રધાન અને કોરીયા ગણરાજ્યનાં રાષ્ટ્રપતિ વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 09, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કોરીયા ગણરાજ્યનાં રાષ્ટ્રપતિ મહામહિમ મૂન જાએ-ઈન સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

વડાપ્રધાને ગત વર્ષે કોરીયા ગણરાજ્યની પોતાની મુલાકાતને સસ્નેહ યાદ કરી હતી, અને બન્ને દેશો વચ્ચે સતત વધી રહેલા જોડાણો પર સંતોષ વ્યક્ત કર્યો હતો.

બન્ને નેતાઓએ કોવિડ-19 વૈશ્વિક મહામારી પર અને વૈશ્વિક આરોગ્ય તંત્રો અને આર્થિક પરિસ્થિતિ પર તેણે ઉભા કરેલા પડકારો પર ચર્ચા કરી હતી. તેઓએ આ મહામારી કાબૂમાં લેવા માટે તેઓનાં દેશોમાં લેવામાં આવેલા પગલાઓ વિશેની માહિતીની આપ-લે કરી હતી.

વડાપ્રધાને આ કટોકટીનું વ્યવસ્થાપન કરવા માટે કોરીયન ગણરાજ્ય દ્વારા કામે લગાડવામાં આવેલા ટેકનોલોજી-આધારિત પ્રતિભાવ બદલ પ્રશંસા વ્યક્ત કરી હતી. રાષ્ટ્રપતિ મૂન-જાએ-ઈને હેતુની એકતા સાથે મહામારી સામે લડવા માટે વિશાળ ભારતીય વસ્તીને જે રીતે ભારતીય સત્તાધિકારીતાએ પ્રોત્સાહન આપ્યું તેની પ્રશંસા કરી હતી.

કોરીયન રાષ્ટ્રપતિએ ભારતમાં કોરીયન નાગરિકોને ભારતીય સત્તાધિકારીતાઓ દ્વારા પ્રદાન કરવામાં આવી રહેલી સહાયતા બદલ વડાપ્રધાનનો આભાર માન્યો હતો.

વડાપ્રધાને ભારતીય કંપનીઓ દ્વારા આયાત કરવામાં આવી રહેલા પૂરવઠાઓ અને તબીબી સાધનોનાં પૂરવઠાઓ અને પરિવહનમાં સુવિધાઓ પ્રદાન કરવા બદલ કોરીયા ગણરાજ્યની પ્રશંસા કરી હતી.

બન્ને નેતાઓ સંમત થયા હતા કે તેઓ કોવિડ-19 માટેનાં નિરાકરણોનું સંશોધન કરે તે સાથે તેઓનાં નિષ્ણાંતો એકબીજા સાથે પરામર્શો કરવાનું અને અનુભવોનું આદાન-પ્રદાન કરવાનું ચાલું રાખશે.

વડાપ્રધાને કોરીયા ગણરાજ્યમાં આવનારી રાષ્ટ્રિય સંસદની ચૂટણીઓ માટે રાષ્ટ્રપતિ મૂનને શુભેચ્છાઓ પાઠવી હતી.

**નવી દિલ્હી**
**એપ્રિલ 09, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.